RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 16 * Date: 08.11.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# તમામ પડકારોનો જવાબ આપવામાં સક્ષમ, પરંતુ...,રાજનાથ સિંહની બાંગ્લાદેશને ચેતવણી



સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ દ્વારા બાંગ્લાદેશના વચગાળાના વડાપ્રધાન મોહમ્મદ યુનુસને સ્પષ્ટપણે ચેતવણી આપવામાં આવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારત કોઈપણ પડકારનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે. જોકે, ભારતની ઈચ્છા બાંગ્લાદેશ સાથેના સંબંધો તણાવપૂર્ણ રાખવાની નથી. આથી, તેમણે મોહમ્મદ યુનુસને વિચારીને નિવેદનો આપવાની સલાહ આપી છે. રાજનાથ સિંહે એવું પણ ઉમેર્યું કે ભારત બાંગ્લાદેશ સાથે કોઈપણ પ્રકારનો ટકરાવ કરવા માંગતું નથી.સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે ભારતમાં દરેક પ્રકારના પડકારનો સામનો કરવાની ક્ષમતા છે, જોકે, ભારત પડોશીઓ સાથે તણાવપૂર્ણ સંબંધો જાળવવા માંગતું નથી. નોંધનીય છે કે, બાંગ્લાદેશમાં હસીના સરકારના તખ્તાપલટ પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે પણ તણાવ ઊભો થયો હતો.શેખ હસીનાએ દેશ છોડ્યા બાદ, નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસે બાંગ્લાદેશના વચગાળાના વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો. સત્તા પર આવ્યા પછી, તેઓ સતત ભારત વિરોધી નિવેદનો આપી રહ્યા છે. તાજેતરમાં, તેમણે એક વધુ ઉશ્કેરણીજનક પગલું ભર્યું, જેમાં મોહમ્મદ યુનુસે પાકિસ્તાનના એક અધિકારીને એક વિવાદાસ્પદ આર્ટવર્ક ભેટમાં આપી.મોહમ્મદ યુનુસે પાકિસ્તાની જનરલ સાહિર શમશાદ મિર્ઝાને એવી ભેટ આપી, જેમાં ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોને બાંગ્લાદેશનો ભાગ દર્શાવવામાં આવ્યો છે. માહિતી અનુસાર, આ 'ગ્રેટર બાંગ્લાદેશ' યોજનાનો એક ભાગ છે. મોહમ્મદ યુનુસ દ્વારા આપવામાં આવેલી આ કલાકૃતિનું નામ 'આર્ટ ઓફ ટ્રાયમ્ફ' છે. કહેવાય છે કે તેમાં એક એવો નકશો દર્શાવવામાં આવ્યો છે

# મંત્રીના પુત્રને ૧૮૦૦ કરોડની જમીન ૩૦૦ કરોડમાં વેચી દેવાઈ', રાહુલ ગાંધીના આરોપથી ખળભળાટ

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના પુત્ર પાર્થ પવારની કંપની સાથે જોડાયેલા કથિત જમીન કૌભાંડ સામે આવ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. વિપક્ષે રાજ્ય સરકારને સાણસામાં લેવાની શરૂઆત કરી દીધી છે. આ ઉપરાંત કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પણ ગંભીર આક્ષેપો કરી કહ્યું કે, 'મહારાષ્ટ્રમાં રૂ.૧૮૦૦ કરોડની સરકારી જમીન, જે દલિતો માટે આરક્ષિત હતી, તે માત્ર રૂ.૩૦૦ કરોડમાં મંત્રીજીના પુત્રની કંપનીને વેચી દેવામાં આવી. આ સોદામાં સ્ટેમ્પ ડ્યુટી પણ હટાવી દેવામાં આવી, એટલે કે એક તો લૂંટ અને ઉપરથી કાયદાકીય મંજૂરીમાં પણ છૂટ!'રાહુલ ગાંધીએ કહ્યું કે, 'વૉટ ચોરી કરીને બનેલી મહારાષ્ટ્ર સરકારે જમીન ચોરી કરી છે. આ સરકારનું માનવું છે કે, જેટલું લૂંટવુ હોય તેટલું લૂંટી લો, વૉટ ચોરી કરીને ફરી સત્તામાં આવી જઈશું. આ સરકારને લોકશાહીની ચિંતા નથી તેમજ પ્રજા અને દલિતોના અધિકારોની પણ ચિંતા નથી.'

આ ઘટનાક્રમ વચ્ચે એક મોટી માહિતી સામે આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, કૌભાંડનો મામલો સામે આવ્યા બાદ કંપનીનો કાયદેસર અધિકાર ધરાવતા દિગ્વિજય પાટિલ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. જોકે કંપનીના મુખ્ય પદે રહેલા પાર્થ પવાર વિરુદ્ધ પણ કેસ નોંધાવાની સંભાવના છે.સૂત્રોના જણાવ્યા મુજબ, પાર્થ પવારે જે કંપની દ્વારા સરકારી જમીન ખરીદી હતી, તે કંપનીમાં તેઓ પદ પર હતા. તેથી પાર્થ પવાર વિરુદ્ધ પણ કેસ નોંધાવાની સંભાવના છે. તપાસમાં પાર્થ પવારનું નામ સામે આવશે તો ફ્રૈંઈમાં તેમનું નામ જોડવામાં આવી શકે છે. પુણે જમીન કૌભાંડ અંગે બે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાયો છે.



## તંત્રી લેખ

# મની લોન્ડરિંગ કેસમાં અનિલ અંબાણીની મુશ્કેલીઓ વધી

શુક્રવારે સત્તાવાર સૂત્રોએ માહિતી આપી કે ?૬૮ કરોડની કથિત નકલી બૅન્ક ગેરંટીના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈઢ)એ અનિલ અંબાણી ગ્રૂપની કંપની રિલાયન્સ પાવર વિરુદ્ધ મની લોન્ડરિંગ તપાસ હેઠળ ત્રીજી ધરપકડ કરી છે. જેના કારણે, શુક્રવારે અનિલ અંબાણી ગ્રૂપની કંપનીઓના શેર્સમાં ભારે ઘટાડો નોંધાયો હતો, જેમાં શેર ૫ ટકા સુધી તૂટી ગયા હતા.

સત્તાવાર સૂત્રો અનુસાર, પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ ઍક્ટ(સ્ન્છ) હેઠળ ગુરુવારે અમરનાથ દત્તા નામના વ્યક્તિની અટકાયત કરવામાં આવી હતી, જેને સ્પેશિયલ કોર્ટે ચાર દિવસ માટે ઈઢની કસ્ટડીમાં મોકલ્યા છે. આ ધરપકડ પહેલાં, તપાસ એજન્સીએ રિલાયન્સ પાવરના પૂર્વ ઝર્હ્લ અશોકકુમાર પાલ અને ઓડિશા સ્થિત બિસ્વાલ ટ્રેડલિન્ક કંપનીના સ્ઢ પાર્થ સારથી બિસ્વાલની પણ આ તપાસના ભાગરૂપે ધરપકડ કરી છે.

આ સમગ્ર મામલો ?૬૮.૨ કરોડની 'નકલી' બૅન્ક ગેરંટી સાથે સંબંધિત છે, જે લિસ્ટેડ કંપની રિલાયન્સ પાવરની સહાયક કંપની (અગાઉ મહારાષ્ટ્ર એનર્જી જનરેશન લિમિટેડ તરીકે જાણીતી) રિલાયન્સ એનયુ બીઈએસએસ લિમિટેડ દ્વારા સોલાર એનર્જી કોર્પોરેશન ઑફ ઇન્ડિયા લિમિટેડ(જીઈઝ્રૈં)ને જમા કરવામાં આવી હતી.રિલાયન્સ ગ્રૂપએ જણાવ્યું કે, અનિલ અંબાણી સાડા ત્રણ વર્ષથી વધુ સમયથી બોર્ડ ઑફ રિલાયન્સ પાવર લિમિટેડમાં નથી અને તેમનો આ મામલા સાથે કોઈ લેવાદેવા નથી. બીજી તરફ, ઈઢએ આરોપ લગાવ્યો છે કે બિસ્વાલ ટ્રેડલિન્ક બિઝનેસ ગ્રૂપ્સ માટે 'નકલી' બૅન્ક ગેરંટી ઉપલબ્ધ કરાવવાનું નેટવર્ક ચલાવતી હતી. આ મની લોન્ડરિંગ કેસ દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા (ઈઉ) દ્વારા નવેમ્બર ૨૦૨૪માં નોંધાયેલી હ્લૈંઇ પર આધારિત છે, જેમાં આરોપ છે કે બિસ્વાલ ટ્રેડલિન્ક ૮ ટકા કમિશન પર 'નકલી' બૅન્ક ગેરંટી આપવામાં સામેલ હતી.

# ગુજરાતમાં રાસાયણિક ખેતીના કારણે કેન્સર થવાનો ખતરો વધ્યો છે: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ખેડૂતોને સંબોધતા સ્પષ્ટ જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતી એ માત્ર જમીનને બંજર બનાવતી નથી, પરંતુ માનવ જીવનમાં કેન્સર અને અન્ય ગંભીર રોગોનો ભયંકર વિસ્ફોટ પેદા કર્યો છે. તેમણે ખેડૂતોને ખાતરી આપી હતી કે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી (નેચરલ ફાર્મિંગ) અપનાવવાથી ઉત્પાદન ઘટતું નથી, પરંતુ વધે છે, અને તે પર્યાવરણ તેમજ સ્વાસ્થ્ય માટે સંજીવની સમાન છે.

વડોદરા જિલ્લાના વાંકાનેર ખાતે યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી અંગે ગુજરાતમાં થઈ રહેલા ૯ લાખ જેટલા સફળ પ્રયાસોની નોંધ લીધી હતી અને ખેડૂતોને ડર્યા વગર આ માર્ગ અપનાવવા અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ ગુજરાતના ખેડૂત સમુદાય સાથે સીધો અને સઘન સંવાદ સ્થાપિત કરવાની નવી પહેલની જાહેરાત કરી. તેમણે જણાવ્યું કે પાંચ વર્ષમાં દરેક જિલ્લાની મુલાકાત લીધા બાદ, હવે બીજો તબક્કો શરૂ થયો છે, જેમાં ગુજરાતના પ્રત્યેક તાલુકા સુધી પહોંચી ખેતરોમાં સીધો સંવાદ સ્થાપિત કરવામાં આવી રહ્યો છે. તેમણે નિયમ બનાવ્યો છે કે જે ગામમાં તેઓ જશે, ત્યાં પંચાયત ભવન અથવા શાળામાં આખી રાત ગુજારશે અને ગામના લોકો સાથે રાત્રિ સભા યોજશે. આ સાથે જ, તેઓ ગામના અનુસૂચિત જાતિના પરિવારો સાથે બેસીને ભોજન લેશે, અને બીજા દિવસે સવારે ગૌ માતાનું દૂધ દોહવાનું કાર્ય પણ પોતે કરશે, જેથી ખેડૂતોને ખાતરી થાય કે તેઓ પોતે પણ એક ખેડૂત છે.



પોતાના ઉદ્દબોધનમાં, રાજ્યપાલશ્રીએ પોતે ખેડૂત હોવાનો દાખલો આપ્યો હતો અને જણાવ્યું હતું કે તેઓ હરિયાણાના કુરુક્ષેત્ર સ્થિત ગુરુકુળનું સંચાલન કરે છે, જ્યાં ૨૦૦ એકર જમીન અને ૪૦૦ ગૌ માતાઓ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તેઓ છેલ્લા નવ વર્ષથી બિલકુલ શુદ્ધ પ્રાકૃતિક ખેતી કરે છે અને જમીનમાં એક ટીપું પણ યુરિયા, ડીએપી કે જંતુનાશકનો ઉપયોગ કરતા નથી. તેમણે ઉમેર્યું કે જેમણે પ્રાકૃતિક ખેતી શરૂ કરી છે, તેમનું ઉત્પાદન ઓછું થવાને બદલે હવે વધી ગયું છે, જે આ પદ્ધતિની સફળતાનો જીવંત પુરાવો છે.

રાજ્યપાલશ્રીએ રાસાયણિક ખેતીના ગંભીર પરિણામો તરફ ધ્યાન દોરતા જણાવ્યું કે જે ખેડૂતો રાસાયણિક ખેતી કરી રહ્યા છે, તેમની જમીન બંજર બની ચૂકી છે. કૃષિ વૈજ્ઞાનિકો અનુસાર, જે જમીનનો ઓર્ગેનિક કાર્બન (ંઝ) ૦.૫ થી નીચે હોય, તે બંજર ગણાય છે, અને ગુજરાતમાં રાસાયણિક ખેતી કરતા મોટાભાગના લોકોના ખેતરોનો ઓર્ગેનિક કાર્બન ૦.૫ થી નીચે આવી ગયો છે (૦.૨, ૦.૩, ૦.૪ જેટલો). આ જમીનમાંથી જબરદસ્તી પેદાવાર લેવા માટે ખેડૂતોને દર વર્ષે યુરિયા, ડીએપી અને અન્ય રાસાયણિક ખાતરોની માત્રા વધારવી પડે છે.

તેમણે ચેતવણી આપી હતી કે યુરિયા, ડીએપી અને જંતુનાશકોએ ધરતીની ગુણવત્તા વધારનારા અને ખેડૂતના મિત્ર ગણાતા સૂક્ષ્મ જીવાણુઓ, અળસિયા અને મિત્ર કીટકોનો નાશ કર્યો છે. રાસાયણિક દવાઓ એટલી ઝેરી છે કે તે સાપ જેવા જીવને પણ મારી નાખે છે, તો પછી ધરતીને ઉપજાવ બનાવતા સૂક્ષ્મ જીવો કેવી રીતે બચી શકે? રાસાયણિક ખેતીને કારણે યુએનઓ (ેંદ્ગ)ના રિપોર્ટ મુજબ, વિશ્વભરમાં ધરતી માતાનું ઉત્પાદન ૧૦% જેટલું ઘટી ગયું છે, અને જો આ પદ્ધતિ ચાલુ રહેશે તો ઉત્પાદન વધુ ઘટશે.

રાજ્યપાલશ્રીએ ૭ નવેમ્બરને રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ તરીકે ઉલ્લેખ કરીને, ગુજરાતમાં કેન્સરના ભયાનક વધારા અંગે આંકડા રજૂ કર્યા. ગુજરાત પ્રદેશ કેન્સર સોસાયટીના અધ્યક્ષ તરીકે તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં દરરોજ ૭૯૦ નવા કેન્સરના દર્દીઓ સામે આવી રહ્યા છે. તેમણે માહિતી આપી કે ૨૦૨૦માં ગુજરાતમાં ૭૦,૦૦૦ કેન્સરના દર્દીઓ હતા, જે પાંચ વર્ષમાં વધીને પ્રતિ વર્ષ દોઢ લાખ નવા દર્દીઓ થઈ ગયા છે, એટલે કે કેન્સરના દર્દીઓ બમણા થઈ ગયા છે.

આરોગ્ય સંકટની ગંભીરતા દર્શાવતા, તેમણે જણાવ્યું કે પીએમ જન આયુષ્માન યોજના હેઠળ જ છેલ્લા એક વર્ષમાં ૨.૮૮ લાખ કેન્સરના દર્દીઓની સારવાર કરવામાં આવી હતી. તેમણે ખેડૂતોને વિનંતી કરી કે તેઓ એવી ખેતી ન કરે જે લોકોનું જીવન લે છે, જેમ કે તમાકુની ખેતી, જે કેન્સર જેવા જીવલેણ રોગો પેદા કરે છે. તેમણે ચેતવણી આપી કે યુએનઓનો આંકડો દર્શાવે છે કે જો ભારતમાં રાસાયણિક ખેતી અને વર્તમાન જીવનશૈલી ચાલુ રહેશે, તો આગામી ૭-૮ વર્ષમાં કેન્સરનો ભયંકર વિસ્ફોટ થશે.

રાજ્યપાલશ્રીએ ખેડૂતોની એ ભ્રાંતિને દૂર કરી કે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઓછું થાય છે. તેમણે સ્પષ્ટતા કરી કે જો ખેડૂતો જૈવિક ખેતી (ઓર્ગેનિક ખેતી) કરશે તો કદાચ ઉત્પાદન ઓછું થઈ શકે છે, પરંતુ પ્રાકૃતિક ખેતી કરવાથી ઉત્પાદન ઓછું થતું નથી, પરંતુ ઊલટું વધે છે. તેમણે પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતોના હાથ ઊંચા કરાવીને સભામાં જ સાબિત કર્યું હતું કે તેમના ખેતરોની માટીનું ઓર્ગેનિક કાર્બન (ંઝ) ૧ અથવા તેનાથી ઉપર છે અને તેમની જમીન જંગલની ભૂમિ જેવી બની ગઈ છે.

તેમણે પ્રાકૃતિક ખેતીનો એક મોટો ફાયદો જણાવતા કહ્યું કે જે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે, તેમને બેમોસમી વરસાદને કારણે રાસાયણિક ખેતી કરનારાઓ કરતાં ઘણું ઓછું નુકસાન થાય છે. આનું કારણ એ છે કે પ્રાકૃતિક ખેતીમાં અળસિયાની આખી સેના જમીનમાં છિદ્રો (પોર્સ) બનાવે છે, જેના કારણે ધરતી માતા પાણીને પોતાના પેટમાં સમાવી લેવાની તાકાત વધારી દે છે. જ્યારે રાસાયણિક ખેતીથી બંજર થયેલી જમીન પાણી શોષી શકતી નથી, પરિણામે પાણી ખેતરોમાં ભરાઈ રહે છે અને પાક બરબાદ થઈ જાય છે.

રાજ્યપાલશ્રીએ બેમોસમી વરસાદ અને પર્યાવરણના દૂષણ માટે રાસાયણિક ખેતીના મોટા યોગદાન પર ભાર મૂક્યો. તેમણે સમજાવ્યું કે જ્યારે ખેતરોમાં યુરિયા અને ડીએપીનો છંટકાવ કરવામાં આવે છે, ત્યારે તેમાં રહેલું નાઈટ્રોજન વાતાવરણના ઓક્સિજનના સંપર્કમાં આવતા નાઈટ્રસ ઓક્સાઈડ નામનો વાયુ પેદા થાય છે. આ નાઈટ્રસ ઓક્સાઈડ વાયુ પર્યાવરણ માટે કાર્બન ડાયોક્સાઈડ કરતાં ૩૧૨ ગણો વધારે ખતરનાક છે અને તે વાતાવરણને દૂષિત કરીને બેમોસમી વરસાદ જેવી આફતોમાં મોટો ફાળો આપે છે.તેમણે કૃત્રિમ બીજ દાન સહિતની પશુપાલન અને કૃષિ કલ્યાણની યોજનાઓનો લાભ લેવા માટે અપીલ કરી હતી.

વાંકાનેર પીએમ શ્રી પ્રાથમિક શાળા પટાંગણમાં રાજ્યપાલશ્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

સ્વાગત પ્રવચનમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હીરપરાએ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અંગે થઈ રહેલી કાર્યવાહીની રૂપરેખા આપી હતી.

'પ્રાકૃતિક કૃષિ...પ્રકૃતિના શરણે પરિસંવાદ' કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ગાયત્રીબેન મહીડા, અગ્રણી શ્રી રસિકભાઈ પ્રજાપતિ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સુશીલ અગ્રવાલ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પરીખ, આત્મા વિભાગના નિયામકશ્રી, પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, આત્મા વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, કૃષિ વિભાગનો સ્ટાફ, જિલ્લા વહીવટી તંત્રનો સ્ટાફ, માસ્ટર ટ્રેનર્સ, કૃષિ સખીઓ તેમજ મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતની લિફ્ટ પાઈપલાઈન ટેક્નિકથી આદિવાસી વિસ્તારોમાં ખેતીનું ચિત્ર બદલાયું, ૧ લાખ ૩૯ હજાર એકરથી વધુ ખેતરો સુધી પહોંચી સિંચાઈ સુવિધા

ગાંધીનગર, ૭ નવેમ્બર ૨૦૨૫: ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં ખેડૂતોને સશક્ત બનાવવાના લક્ષ્ય સાથે રાજ્ય સરકારે લિફ્ટ પાઈપલાઈન ટેક્નિકનો ઉપયોગ કરીને આ વિસ્તારોમાં મોટા પાયે સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં સફળતા મેળવી છે. રાજ્ય સરકારે છેલ્લા ૭ વર્ષમાં ?૫૧૧૫ કરોડનો જંગી ખર્ચ કરીને આદિવાસી વિસ્તારમાં ૧,૩૯,૫૧૦ એકરથી વધુ ખેતીની જમીનને સિંચાઈ પૂરી પાડી છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે લિફ્ટ પાઈપલાઈન ટેક્નિક માટે માત્ર ત્રણ વર્ષ (૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫)માં ?૨૨૧૨ કરોડથી વધુનો ખર્ચ કર્યો છે. તો ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨માં રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારોમાં સિંચાઈ સુવિધાઓને વધુ સારી બનાવવા માટે ?૨૯૦૩ કરોડથી વધુનો ખર્ચ કર્યો છે.

આદિવાસી વિસ્તારોમાં ઈરિગેશન કવર સતત વધી રહ્યું છે ત્યારે રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે આ અંગે જણાવ્યું કે, "ખેતી અને ખેડૂતોની સમૃદ્ધિ એ અમારી મુખ્ય પ્રાથમિકતાઓ પૈકીની એક છે. આપણા માર્ગદર્શક અને દૂરંદેશી નેતા શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરી હતી. આ યોજના અંતર્ગત લિફ્ટ પાઈપલાઈન ટેક્નિકનો ઉપયોગ કરીને, અમે રાજ્યના ૬ આદિવાસી જિલ્લાના ૭૦૮ ગામોના ખેડૂતોને બારમાસી સિંચાઈની સુવિધા પૂરી પાડવામાં સફળ થયા છીએ. હવે અમે વનબંધુ કલ્યાણ યોજના ૨.૦ હેઠળ રાજ્યના બાકીના આદિવાસી વિસ્તારોને પણ સંપૂર્ણ સિંચાઈયુક્ત બનાવવા માટે ઘણા પ્રોજેક્ટ્સ હાથ ધરી રહ્યા છીએ, જેમાં ?૩,૭૭૯ કરોડનો ખર્ચ કરીને આદિવાસી વિસ્તારોના લગભગ ૧,૪૪,૧૬૪ એકરથી વધુ ખેતીની જમીનને સિંચાઈ સુવિધા પ્રદાન કરવામાં આવશે. આ પરિયોજનાઓ અમે આવનારા સમયમાં પૂર્ણ કરીશું."

ગુજરાત સરકારની વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત લાગુ કરવામાં આવેલી લિફ્ટ પાઈપલાઈન ટેક્નિક આદિવાસી વિસ્તારો માટે વરદાન સાબિત થઈ છે. આ પ્રોજેક્ટ લાગુ કરવામાં આવ્યો એ પહેલાં આ વિસ્તારોમાં સિંચાઈ અને ખેડૂતોની સ્થિતિ બહુ ચિંતાજનક હતી. હવે આ વિસ્તારના ખેડૂતો બારમાસી સિંચાઈ સુવિધાઓનો ઉપયોગ કરીને આખું વર્ષ પાક લઈ રહ્યા છે અને તેનાથી તેમની આવક, જીવનશૈલી અને જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે. આ જ રીતે બાકીના આદિવાસી વિસ્તારોને આધુનિક ટેક્નોલૉજીથી યુક્ત સિંચાઈ સુવિધા પહોંચાડવા માટે રાજ્ય સરકાર દ્વારા વનબંધુ કલ્યાણ યોજના ૨.૦ લાગુ કરવામાં આવી છે અને તેના અંતર્ગત ઘણાં પ્રોજેક્ટ્સ હાલ કાર્યરત છે."

લિફ્ટ પાઈપલાઈન ટેક્નિકનો ઉપયોગ એવા વિસ્તારોમાં થાય છે જ્યાં પાણીનું સ્તર ખેતરના સ્તરથી નીચે હોય છે. આ ટેક્નિક ખાસ કરીને પહાડી વિસ્તારો, સૂકા વિસ્તારો અને જ્યાં પાણીની અછત હોય તેવા વિસ્તારોમાં ઉપયોગી છે.

# વડોદરા શહેરમાં ભાજપની જમ્બો કારોબારી બનશે : મહામંત્રી, ઉપપ્રમુખ અને મંત્રીની સંખ્યા વધારવા વિચારણા




વડોદરા શહેર ભાજપની નવી કારોબારીની રચના કરવાની કામગીરી હાથ ધરાઈ છે ત્યારે વિવિધ હોદ્દા પર થતી નિમણૂકની સંખ્યા વધારવા સાથે અલગ અલગ મોરચામાં પણ વધુ સભ્યો સમાવીને આ વખતે જમ્બો સમિતિની રચના કરવાનું આયોજન વિચારણા હેઠળ છે. ખાસ કરીને ચૂંટણીનું વર્ષ હોવાથી કાર્યકરો નારાજ ન થાય અને મહત્તમ કાર્યકરોની ક્યાંક ને ક્યાંક નિમણૂક થાય તે અંગે પાર્ટીએ હાથ ધરેલી વિચારણા અંતર્ગત મહાકાય કમિટી બને તેવી શક્યતા જોવાઈ રહી છે.

વડોદરા શહેર ભાજપના પ્રમુખની નિમણૂક બાદ હવે મહામંત્રી, ઉપપ્રમુખ, મંત્રી અને પોષાધ્યક્ષ (ખજાનચી)ની નિમણૂક માટે પક્ષે કવાયત હાથ ધરી છે. વિવિધ હોદ્દા પર નિમણૂક અંતર્ગત પ્રદેશના અગ્રણીઓ અત્રે આવીને ધારાસભ્યો તથા અન્યોને તેમની રજૂઆત સાંભળ્યા બાદ એ અંગેનો અહેવાલ પ્રદેશ સુધી રજૂ કરવાની કામગીરી કરાઈ હતી. આ વચ્ચે ભાજપમાં વધતા કાર્યકર્તાઓની સંખ્યાને ધ્યાનમાં લેતા હવે વિવિધ હોદ્દા પર નિમણૂકોની સંખ્યા વધારવામાં આવે તેવું તેવી ચર્ચા કાર્યકરોમાં સાંભળવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ, હાલ ત્રણ મહામંત્રી છે તેની જગ્યાએ પાંચ મહામંત્રીની નિમણૂક કરવાની વિચારણા છે. તેવી જ રીતે આઠ ઉપપ્રમુખ અને આઠ મંત્રીની જગ્યાએ ૧૧ ઉપપ્રમુખ અને ૧૧ મંત્રીની નિમણૂક થઈ શકે છે. વોર્ડ કારોબારીમાં બેથી ત્રણ સભ્યો લેવામાં આવતા હોવાથી તેઓની સંખ્યા ૮૦થી ૮૫ની આસપાસ રહેતી હોય છે તેની જગ્યાએ કારોબારીમાં ચારથી પાંચ સભ્યો લેવાની વિચારણા છે, જેથી કારોબારી સભ્યો પણ વધી શકે તેવું અનુમાન છે. આ ઉપરાંત વિવિધ મોરચા જેમકે યુવા મોરચો, એસ.સી. એસ.ટી. મોરચો, મહિલા મોરચો તમામ મોરચામાં કાર્યકરોની સંખ્યા વધારવાની શક્યતા જોવામાં આવી રહી છે. જેથી પક્ષના વધુને વધુ કાર્યકર્તાઓને ક્યાંક ને ક્યાંક યોગ્ય હોદ્દા મળી શકે. આવનાર સ્થાનિક સ્વરાજની સંસ્થાની ચૂંટણીમાં કોઈ સભ્ય નારાજ થાય તે બાબત હાલ પક્ષને પોસાય તેમ નથી!

# અખાદ્ય પદાર્થની ફરિયાદના આધારે વડોદરામાં સંતુષ્ટી પાર્લર ખાતે આરોગ્ય વિભાગનું ચેકિંગ




વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલ સંતુષ્ટી પાર્લર ખાતે વેચાયેલી કેક અખાદ્ય જણાતા આ અંગેની ફરિયાદ પાલિકાના આરોગ્ય વિભાગ સુધી પહોંચતા આજે આરોગ્ય વિભાગની ટીમ સંતુષ્ટી પાર્લર ખાતે પહોંચી હતી. જ્યાં કેક સહિત વિવિધ ખાદ્ય પદાર્થના નમુના લેવામાં આવ્યા હતા.

શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલ સંતુષ્ટી પાર્લર દ્વારા વિવિધ ખાદ્ય પદાર્થોનું વેચાણ થતું હોય છે. જેમાં ગ્રાહકે ખરીદેલી પેક્ડ કેક અખાદ્ય જણાતા તેણે આ અંગે પોતાની નારાજગી સોશિયલ મીડિયા પર વ્યક્ત કરી હતી. જે અંગેની ફરિયાદ પાલિકાના આરોગ્ય વિભાગને મળતા અધિક આરોગ્ય અમલદાર ડો.મુકેશ વૈધના માર્ગદર્શન હેઠળ ફૂડ ઈન્સ્પેક્ટર આજે કારેલીબાગ સ્થિત સંતુષ્ટી પાર્લર ખાતે પહોંચ્યા હતા. અખાદ્ય ખાદ્ય સામગ્રી અંગે મળેલી ફરિયાદના આધારે કેક સહિતના અલગ અલગ ખાદ્ય પદાર્થના નમુના લઈ તેના સેમ્પલને પૃથ્થકરણ અર્થે ફતેગંજ સરકારી લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા.

# યુવકને પગના તળિયા ચટાવ્યા, થપ્પડ માર્યા, વાળ ખેંચ્યા:છરીની અણીએ ધમકાવી વીડિયો બનાવ્યો

ગુજરાતના સુરતમાં એક ગુનેગારે મધ્ય પ્રદેશના સીધીના એક યુવાનને પગના તળિયા ચાટવા માટે મજબૂર કર્યો. તેને છરી બતાવીને ધમકાવ્યો, થપ્પડ મારી અને તેના વાળ પણ ખેંચ્યા. ત્યારબાદ તે યુવાન ગાયબ થઈ ગયો.આ ઘટનાના બે વીડિયો સામે આવ્યા છે. આ વીડિયો ગુજરાતના સુરતમાં બનાવવામાં આવ્યો હતો. પરિવારનો આરોપ છે કે 'ભોલા ભાઈ' નામના એક વ્યક્તિએ તેને કામ કરતી વખતે છરીથી ધમકી આપી હતી અને તેના પર હુમલો પણ કર્યો હતો. વીડિયો બાદ યુવકના પિતા ગુજરાત જવા રવાના થઈ ગયા છે.

બુધવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ પરિવાર બહારી પોલીસ સ્ટેશન પહોંચ્યો. તેમણે પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ રાજેશ પાંડેને અરજી આપી, જેમાં તેમના પુત્રને શોધવા અને તેને સુરક્ષિત રીતે પાછો લાવવાની વિનંતી કરવામાં આવી.નકઝર ખુર્દ ગામનો રહેવાસી ૨૬ વર્ષીય યુવક ગુજરાતના સુરતમાં મજૂરી કામે ગયો હતો. પહેલો વીડિયો ૪ નવેમ્બરની રાત્રે તેના વોટ્સએપ અને ફેસબુક સ્ટેટસ પર અપલોડ કરવામાં આવ્યો હતો. પરિવારના સભ્યોનું કહેવું છે કે વીડિયો સામે આવ્યા બાદથી તેનો મોબાઈલ ફોન બંધ છે અને તેનો સંપર્ક થઈ શકતો નથી.યુવક પર દુર્વ્યવહાર અને હુમલો પહેલા વીડિયોમાં યુવાન ગભરાયેલો દેખાય છે.

# રાણીપના જ્વેલર્સે આંખમાં મરચું નાખનાર મહિલાને લાફા માર્યા, લૂંટનો પ્રયાસ કે અંગત અદાવત? રહસ્ય અકબંધ

અમદાવાદ શહેરના રાણીપ વિસ્તારમાં આવેલી એક જ્વેલરી શોપના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ સીસીટીવી ફૂટેજમાં ઘરેણાં ખરીદવાના બહાને આવેલી એક મહિલાએ જ્વેલરની આંખમાં મરચાની ભૂકી ફેંકીને લૂંટનો પ્રયાસ કર્યો હોવાનું જણાય છે.સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે એક મહિલા ગ્રાહક તરીકે દુકાનમાં આવે છે. જ્યારે દુકાન માલિક તેને ઘરેણાં બતાવવા માટે નજીક આવે છે, ત્યારે મહિલા અચાનક તેની આંખમાં મરચાની ભૂકી ફેંકે છે.જોકે, દુકાન માલિકે સમયસૂચકતા વાપરી અને હિંમતભેર મહિલાનો સામનો કર્યો. વેપારીએ તરત જ મહિલાને પકડી પાડી હતી અને સ્વ-બચાવમાં તેને થપ્પડ મારી દીધી હતી. આ ઝપાઝપી બાદ મહિલા ત્યાંથી ભાગી છૂટી હતી.

આ સમગ્ર ઘટનાનો સીસીટીવી વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સ્થાનિક પોલીસ હરકતમાં આવી હતી. અહેવાલો મુજબ જ્વેલરે આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાવવાનું ટાળ્યું હતું.

તેમ છતાં ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાણીપ પોલીસે વીડિયોના આધારે જાતે જ તપાસ હાથ ધરી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર સીસીટીવી ફૂટેજના આધારે મહિલાની ઓળખ કરીને તેને શોધવાના પ્રયાસો ચાલુ છે. પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે શું આ કોઈ અંગત અદાવત હતી કે પછી મહિલા કોઈ મોટી લૂંટારુ ગેંગનો ભાગ હતી કે કેમ.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO - 162
વિષય- સાહિત્ય સામાજનુ પ્રતિબિંબ
શીષૅક- લાખેણો સવાલ
પ્રકાર- શબ્દ- ૯૦

ભારત દેશ નુ સાહિત્ય જળહળતુ
પ્રતિબિંબ
સાહિત્ય સરિતા વહયા કરે હર
હંમેશ
ભારત એક એવો દેશ છે જેણે સાહિત્ય નો ખજાનો જાળવી રાખ્યો છે
દેશ ભલે ગમે તેટલો આધુનિક બને
પણ પોતાનો પ્રાચીન ખજાનો સંઘરી રાખ્યો છે
કહેવત છે મા વીના સુનો સંસાર તેવી રીતે સાહિત્ય કવિઓનો શિરમોર સમાન છે
હદયથી ઉમિઓ પ્રગટાવતો સાહિત્ય વારસો આપડા દેશ નુ ઘરેણું સમાન
સાહિત્ય દરેક સમાજ માં પોતાની ભાષા નું આગવું પ્રતિબિંબ સમાન
છે
ભારત દેશ નો લાખેણો સવાલ છે
સાહિત્ય આપણું નજરાણું આપણી ધરોહર શિરમોર સમાન છે
સાહિત્ય થી સમાજ માં ઉર્જા ઉભરાતી
એક એક શબ્દ માં તાકાત ભરેલી છે
સાહિત્ય નથી તો દેશ માં અંધારું છવાઈ જાય
કાઠિયાવાડ મા કોક દિન ભૂલોપડ ભગવાન તને
સ્વર્ગઁ બતાવું શામળાપ
રેખા રસિક નાકરાણી મુંબઈ

★★★★★★★

NOG SS NO.: 0101
વિષયઃ સાહિત્ય – સમાજનું પ્રતિબિંબ
શીર્ષકઃ સાહિત્યની દિશા અને દૃષ્ટિ
પ્રકાર :ચિંતન લેખ   શબ્દો : ૩૫૦

સાહિત્ય હંમેશાં સમાજનું પ્રતિબિંબ ગણાતું આવ્યું છે. માનવીના વિચારો, અનુભવો, સંવેદનાઓ અને જીવનના સત્યને શબ્દોમાં ઉતારવાનો પ્રયત્ન એટલે સાહિત્ય. સમયાંતરે સમાજ જે રીતે બદલાતો ગયો, એ પ્રમાણે સાહિત્યની દિશા અને દૃષ્ટિ પણ બદલાતી ગઈ. પુરાતન યુગમાં જ્યારે માણસ જીવનના મૂલ્યો, ધર્મ અને નૈતિકતાના પ્રશ્નો સાથે ઝઝૂમતો હતો ત્યારે સાહિત્યે તેને દિશા બતાવી. સ્વાતંત્ર્ય યુદ્ધના સમયમાં સાહિત્યે જ જનમાનસમાં ઉર્જા, દેશભક્તિ અને જાગૃતિનો સંદેશ ફેલાવ્યો. એટલે સાહિત્યને સમાજનો અરીસો કહેવું યોગ્ય છે — કારણ કે તે માત્ર વર્ણન નથી કરતું, પણ સમાજને ઘડવાનું કામ પણ કરે છે.

પરંતુ આજના સમયમાં આ પ્રશ્ન ઊભો થાય છે કે — શું આજનું સાહિત્ય હજી પણ સમાજનું પ્રતિબિંબ બની રહ્યું છે? આજના યુગમાં લખાણો તો થાય છે, પરંતુ તેમાં અગાઉ જે આત્મા, અનુભૂતિ અને સમાજપ્રત્યેની જવાબદારી હતી તે ઓછી જોવા મળે છે. આજનું સાહિત્ય મોટેભાગે વ્યક્તિગત અનુભવો, સ્વ-અભિવ્યક્તિ અથવા વ્યાપારી હેતુઓ સુધી સીમિત થઈ ગયું છે. અસમાનતા, પર્યાવરણ, માનવીય મૂલ્યોનું ક્ષય, ટેકનોલોજીથી ઉદાસીન થતું માનવતાવાદ — આ વિષયો પર ઊંડાણપૂર્વક વિચાર કરતા સર્જનો હવે દુર્લભ બન્યા છે.

સ્માર્ટફોન, સોશિયલ મીડિયા અને કૃત્રિમ બુદ્ધિ (છૈં) ના યુગમાં શબ્દોની દુનિયા વિડીયો, ઈમેજ અને ટૂંકા સંદેશોમાં રૂપાંતરિત થઈ રહી છે. લોકો "વાંચવા" કરતાં "સ્ક્રોલ" કરે છે. સાહિત્યિક રચનાઓ ખાસ કરીને પદ્ય રચનાઓ હવે મનની અસર કરતા કરતાં વધુ સંગ્રહિત સામગ્રીની જેમ રહી ગઈ છે. ભાષા હવે વિચારના પ્રસાર માટે નહીં, પરંતુ રોજિંદા વ્યવહાર પૂરતી જ ઉપયોગી ગણાતી થઈ છે. આ પરિસ્થિતિમાં સાહિત્યની અસર ઘટી રહી છે — કારણ કે જે સમાજ વાંચતો નથી, તે વિચારતો પણ ઓછો બનતો જાય છે.

તેથી પ્રશ્ન એ નથી કે સાહિત્ય અસ્તિત્વ ગુમાવી રહ્યું છે, પ્રશ્ન એ છે કે તેને ફરીથી જીવંત કેવી રીતે બનાવવું. સાહિત્યને હવે નવા માધ્યમો સાથે જોડાવું પડશે — ડિજિટલ જગત, ઓડિયો બુક્સ, વિડિયો કવિતા, બ્લોગ અને ઈન્ટરેક્ટિવ લખાણો જેવી નવી રીતોથી માનવીના હૃદય સુધી પહોંચવું પડશે, ત્યારે જ તે સમાજનું સાચું પ્રતિબિંબ બની શકશે.

અંતમાં, સાહિત્ય આજેય સમાજનું પ્રતિબિંબ બની શકે છે — જો તે મનુષ્યના અંતરજગતની વાત કરી શકે, ટેકનોલોજીના અંધકારમાં માનવતાનો પ્રકાશ બતાવી શકે. શબ્દો બદલાશે, માધ્યમ બદલાશે, પરંતુ માનવીય સંવેદના જો જીવંત રહેશે, તો સાહિત્ય કદી મરી શકશે નહીં.

ભરત સાંગાણી (અમદાવાદ).

★★★★★★★

NOG SS NO - 191
વિષય : સાહિત્ય સમાજ નું પ્રતિબિંબ.
શીર્ષક : જીવતો જોઈ શકાય છે....
પ્રકાર - પદ્ય શબ્દો : ૧૦૨

શમશેર થી સલ્તનતો  તો ઉથલાવી શકાય  છે પણ,
સાહિત્યથી સમાજની વિચારધારા બદલી શકાય છે.

ફૌજ થી જીતી શકાય છે નિર્બળ માનવી ના શરીરો,
ને સાહિત્ય કલાથી માણસના હૃદય જીતી શકાય છે.

હથિયારો બતાવી ને હજારો બંધક બનાવી શકો ખરા,
પણ કલમ ની કરામત થી ચાહકો ઉભરાવી શકાય છે.

તલવારના ઝાટકે ફક્ત એક જ સર કલમ કરી શકાય,
જ્યારે કલમના ઘાએ હજારોના દિલમાં વસી શકાય છે.

સેનાની તાકાત થી સીમાડા ને સરહદ કબ્જે કરી શકાય,
શબ્દોના જોરે જગત આખામાં સત્તા સ્થાપી શકાય છે.

સિકંદર ની કબર શોધો તો તમને મળે અને ના પણ મળે,
×મિત્ર× કવિ ચાહકો ના હૃદયમાં જીવતો જોઈ શકાય છે.

વિનોદ સોલંકી × મિત્ર × (લખતર )

★★★★★★★

: NOG SS No 387
વિષયઃ સાહિત્ય સમાજ નું પ્રતિબિંબ
શિર્ષેકઃ ×કાળા અક્ષરો દ્વારા જીવન ઉજળા કરે છે×.(સર્જેક ની ઓળખ)
પ્રકારઃગદ્ય, શબ્દોઃ૨૭૦

સાહિત્ય સાંપ્રત સમાજ નું પ્રતિબિંબ પાડે છે.મતલબ કે આઈનો છે.સમાજ નાં સામાજિક, આર્થિક,માનવીય, ઐતિહાસિક, રાજકીય, સાંસ્કૃતિક, ધાર્મિક જેવા વિવિધ પાસા ને લેખક કે કવિ પોતાના સાહિત્યીક સર્જેન દ્વારા ઉજાગર કરી સમાજ ને મોટેભાગે નવો રાહ ચીંધે છે.

તેમાં મેઘાણી, ધૂમકેતુ,ર.વ.દેસાઈ, સ્નેહ રશ્મિ, બોટાદ કર,અખો,કબીર,કલાપી, દયારામ, ગોવર્ધન રામ ત્રિપાઠી, ગાંધીજી, ગિજુભાઈ, પાનબાઈ, મીરાં, નરસિંહ, જ્યોતિન્દ્ર દવે, ગુણવંત શાહ,બ.ક.ઠાકોર જેવાં અસંખ્ય રત્નો ની લાંબી યાદી બને તેમ છે.

કાજલ ઓઝા વૈદ્ય નું 'કૃષ્ણાયન',તો વર્ષા અડાલજા ની' સાત પગલાં આકાશમાં'.તારક મહેતા ની 'ઉલ્ટા ચશ્મા'.સમાજ ની વિચારધારા બદલવાનું સુંદર કાર્ય કર્યું છે.

અને ખાસ ખાસ નોટિસ કરવા જેવી વાત કહું તો મેં ગુજરાતી ફિલ્મ ×લાલો× જોયા પછી લખું છું કે શું ×અદભૂત,× ×લાજવાબ× ફિલ્મ છે કે જે આપણા ધાર્મિક સાહિત્ય (મહાભારત -ગીતા) ની માનવજાત ને અમૂલ્ય ભેટ છે.એમ કહું તો જરાય અતિશયોક્તિ નહીં ગણાય.

સાહિત્ય ના સર્જેન માં થી જ ઘણી પ્રસિદ્ધ સિરિયલો તેમજ ગુજરાતી/હિન્દી ફિલ્મો પણ બની ને સમાજ જાગૃતિ નું કામ કરેલું છે.જેમ કે ×લાલો× 'હેલ્લારો,' ×સરસ્વતી ચંદ્ર,× પૌરાણિક કથાઓ અને શૌર્ય ગાથા ઓ ની તો અઢળક ફિલ્મો બની છે જે ઉત્કૃષ્ટ સાહિત્ય ની જ દેન છે.

ગુણવંત શાહ તો કહે છે કે જે ઘર માં પુસ્તકો હોય ત્યાંજ દીકરી પરણાવવાની.સાહિત્ય નું કેટલું ઉમદા મૂલ્યાંકન કર્યું કહેવાય!તો વળી કાલીદાસે તો વર્ષો પહેલાં કહ્યું હતું કે ×સંગીત, સાહિત્ય અને કલા વગર નો માણસ પશુ સમાન છે×

આ ક્ષેત્રમાં પા પા પગલી પાડી રહેલ આ પુનિતા પણ સચોટ, સ્વાનુભવ અને પ્રેરણા દાયી પ્રયત્ન કરી રહી છે.

વિવિધ સાહિત્ય સર્જન દ્વારા જ સમાજ અડીખમ કરોડ રજ્જુ ની જેમ ઉભો રહેલો છે.

પુનિતા બેન, અમદાવાદ.

★★★★★★★

NOG SS NO. 215.
વિષય :  ''સાહિત્ય-સમાજનું પ્રતિબિંબ×
શીર્ષક : ×સાહિત્ય અને સમાજ×
પ્રકાર :- પદ્ય  (અછાંદસ)
શબ્દોઃ- ૬૫.

સાહિત્યથી જ આ સમાજમાં ક્રાંતિ આવી,
સાહિત્યથી જ આ સમાજમાં શાંતિ આવી.

આ સાહિત્યથી લોકોમાં સંવેદનાઓ પ્રગટી,
આ સાહિત્યથી જનમાનસે ઉર્જાઓ પ્રગટી,

સાહિત્યે જ આ દેશમાં દેશભક્તિ પ્રગટાવી,
સાહિત્યથી જ આ સમાજમાં ક્રાંતિ આવી,

સાહિત્યે જ આ સમાજને ઘડવાનું કામ કર્યુ,
અને દેશવિરોધી તાકતોથી લડવાનું કામ કર્યુ,

આ સાહિત્યે ફેલાતી જુઠ્ઠી ભ્રાંતિ અટકાવી,
સાહિત્યથી જ આ સમાજમાં ક્રાંતિ આવી.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

# પરમ પૂજય પિતાજી  સંતાનોના  કહ્યામાં નથી. એટલે?..!

' વકીલ સાહેબ એક નોટીસ કાઢવી છે. બન્ટી, બબલી અને ગુડુએ વકીલ અમિતભાઇ અડબંગને  વિનંતી કરી.

' શેની નોટીસ કાઢવી છે?' કાળો કોટ પર ખુરશી પર ટાંગી વકીલે કડક ટાઈનોટ ઢીલી કરીને પૂછયું.વકીલ માટે નોટીસ લખવી એ તો ડાબા હાથનો ખેલ કહેવાય.

' સાહેબ, ખર્ચો કેટલો આવશે?' બન્ટીએ પૂછયું.કોઇ માણસ પોલિસ સ્ટેશન કે કોર્ટના ચક્કરમાં પડે એટલે પૂરો થઈ જાય.વહેલું કે મોડું ગમે ત્યારે હાથમાં શકોરૂં આવી જ જાય.

' જો તમારે બદનક્ષીની નોટીસ તૈયાર કરાવવી હોય તો લગભગ પંદર હજાર વતા ટાઈપિંગ, ઝેરોકસ અને અઢાર ટકા જીએસટી અલગ ગણી લેવાનો.' વકીલે ફીનો આંકડો કહ્યો. વકીલનું સરકારી ઓફિસો જેવું જ હોય. બજેટમાં તોપ ખરીદવા માટે અંદાજો રજૂ કરે તો લવિંગિયા ખરીદવા માટે બજેટ જોગવાઇ થાય. વકીલ મોટો આંકડો કહે. અસીલ રકઝક કરે. અડધા પૈસા ચૂકવે.અડધા પૈસા ભૂલવાડી દે. ભૂલચૂકં વકીલ કેસ હારી જાય તો ફીથી હાથ તો ધોવા પડે. પરંતું, અસીલોનો ટપલીદાવ કે ઘૂંસા પણ સહન કરવા પડે.
' અમારે બદનક્ષીની નોટીસ કાઢવી નથી.' બબલી કાબરની જેમ બોલી.

'કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની નોટીસ કાઢવી હોય તો લગભગ લાખ રૂપિયા ઢીલા કરવા પડે. કેમ કે,તે નોટીસ તૈયાર કરતાં કરતાં આંખો ઓડ પર આવી જાય. કાયદાના થોથા, ચુકાદાના ઓલ ઈન્ડિયા રીપોર્ટ, સાઈટેશન, પ્રિસિડેન્ડસ કેસ વગેરે ડોકયુમેન્ટ એનેકસ કરવા પડે.' અમિતે પ્રોસેસ સમજાવી.
'સર, અમારે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની નોટીસ કાઢવી નથી .' ગુડુએ નકારમાં નવ શેર માથું ઘુણાવ્યું.
'સીઆરપીસી એટલે ક્રિમિનલ કોડ પ્રોસિજરની કલમ -૮૦ ની નોટિસ આપવી છે.?' અમિતે પૂછયું.કોઇ પણ કોર્ટ કેસ શરૂ કરતાં પહેલાં સામેવાળાને આવી નોટિસ આપીને સચેત કરવામાં આવે છે. કોઈ પડતર માંગ પૂરી ન કરવામાં આવશે તો નાછૂટકે કે નાઈલાજે અરજદારને કોર્ટ ન્યાય માટે માઇબાપને ગુહાર લગાવવી પડશે તેવી ગર્ભિત ધમકી હોય છે.
' સાહેબ, અમારે એવી પણ નોટિસ કાઢવી નથી.' બન્ટી, બબલી અને ગુડુએ  આ વિકલ્પ પર પણ ચોકડી મારી.

'અમારા ફલાણા ઢીંકણા ગૂમ થયેલ છે. એમને કોઇ ખખડાવશે નહીં. પતો આપવારને સવા અગિયાર રૂપિયાનું જંગી ઈનામ આપવામાં આવશે.' આવી જાહેરાત તો કિફાયતી દરે કાઢી આપીશ. મારે નામ, સરનામું અને ફોટો જ બદલવાનો છે.' વકીલે ઓફર આપી.

'અમારો પ્રશ્ન જુદો છે.' બબલી  બોલી.

'તમારો સવાલ શું છે? અમિતે બન્ટી, બબલી અને ગુડુ સામે વિંનતીસૂચક અવાજે પૃચ્છા કરી.

' એ અમારા કહ્યામાં નથી.' બન્ટી, બબલી અને ગુડુએ પોતાના પાના ખુલ્લા કર્યા.

'કોણ દાદાજી? એ તો ઉંમરલાયક હોય. ઘરડાંઓ તો બાળકો જેવા હેન્ડલ વીથ કેર હોય છે.' અમિતે  અનુમાન રજૂ કર્યું.

'  અમારા દાદાના ફોટા પર સુખડનો હાર લાગી ગયા છે.' બન્ટીએ  દાદા વૈકુંઠવાસી હોવાની  માહિતી આપી.

' ઓહ  સોરી .' અમિતે  ખેદ વ્યક્ત કર્યો.

'ઈટસ ઓકે .' ત્રણે જણાએ કહ્યું .

' દીકરી કહ્યામાં નથી? ' અમિતે  પૂછયું.

' અરે અમારી દીકરી જ નથી. જો અમારે દીકરી હોય અને જાય તો સગા બાપથી તો તેવા સંજોગોમાં અમને ઓનર કિલિંગ કરતાં આવડે છે. ' બન્ટી, બબલી અને ગુડુના વસ્ત્રો આધુનિક હતા. પરંતું, વિચારસરણી પ્રાચીનતમ હતી.
' ઘણા ઘરમાં બા રિટાયર થતી નથી અને માથાભારે હોય છે. એ તેનો કક્કો ખરો કરાવવા ઘરના સભ્યો પર ત્રાસ ગુજારી ત્રાહિમામ પોકારાવતી હોય છે. બા કહ્યામાં નથી?' અમિતને  તેમના સંભવિત અસીલ ભેદભરમવાળા લાગ્યા.
' બા તો બાપડી ભગવાનના ઘરનું માણસ છે. ગરીબ ગાય જેવી છે. હા, ક્યારેક બાપુજીને ઢીંક મારી લે છે.' બન્ટી, બબલી અને ગુડુએ એક અવાજે સ્પષ્ટતા કરી.

' તો પછી વેવાઈવે-વાણ કહ્યામાં નથી? એની દીકરીને તેના સાસરિયા વિરૂધ્ધ સતત ચાવી ટાઈટ કરી દીકરીને સાસુસસરાથી અલગ થવા ચડવણી કરે છે?' અમિતે  નવો પાસો ફેંક્યો .

' સાહેબ, અમારા લગ્ન થયા નથી. તો વેવાઈવેવાણનો સવાલ ઉભો થતો નથી.'  બન્ટી, બબલી અને ગુડુએ સ્પષ્ટતા કરી.

' જુવો, મને તમારા કેસમાં ટપ્પો પડતો નથી. તમે લોકો કશું ખુલીને કહેતાં નથી . વૈદ,વકીલ અને વૈશ્યાપાસે કશું છૂપાવાય નહીં. પેટછૂટી વાત કરવી પડે. નહીંતર હું તમારો કેસ લડી શકીશ નહીં.' વકીલે છેલ્લા પાટલે જઇ કેસની વિગતો આપવા કહ્યું.

' વકીલ સાહેબ , અમે સગા બે ભાઈ અને એક બહેન છીએ .' ત્રણે જણે મુદા પર આવી ગયા .

; બરાબર.' વકીલે શિર ધૂણાવ્યું.

'અમારે એક બાપા છે.' ત્રણે જણે કહ્યું.

' એમ? સગા છે કે સાવકા છે? વકીલે વધારે સ્પષ્ટતા પૂછી.

'સાહેબ બાપા સગા છે. પરંતું, સાવકા બાપની જેમ વર્તે છે.' બન્ટી, બબલી અને ગુડુએ ખમચાઈને કહ્યું.

' હું સમજયો નહીં. તમે સમીકરણ જેવો કોયડો રજૂ કરો છો.
' સાહેબ, તમારી આગળ કશું છૂપાવવા માંગતા નથી. અમે પેટછૂટી વાત કરીએ છીએ. અમારા બાપા અમારા કહ્યામાં નથી. બાપા અમને ટેઈકન ફોર ગ્રાંટેડ ગણે છો. બાપા અમને ગાંઠતા નથી.' બન્ટી, બબલી અને ગુડુએ સમસ્યા જણાવી.લગભગ દરેક યુવાનયુવતીને તેમના પરમ પૂજય અને પરમાદરણીય પિતાજી તેમના કહ્યામાં નથી તેવું લાગતું હોય છે.

' હે? તમે શું કહો છો? આમ, તો દીકરો કે દીકરી કપાતર હોય એવું બંને. આ તો ઉલ્ટી ગંગા વહેડાવવા જેવું કહો છો.' અમિતે  તારણ કાઢ્યું.

' સાહેબ હકીકત છે.' બન્ટી, બબલી અને ગુડુ બોલ્યા .

' પણ એનું કારણ હશે ને?' અમિતે  તર્ક રજૂ કર્યો.

' સાહેબ, એક તો એમની ઉંમર થઈ. બે વરસ પહેલાં  ઘરભંગ થયા. એમની દેખભાળ કરવા આવતી નર્સ સાથે  સ્નેહાકુંર ફૂટ્યા છે.' બન્ટી, બબલી અને ગુડુએ કારણ રજૂ કર્યું.

' એટલે કે બાપા ઠરકી થઈ ગયા છે એમ જ ને?' અમિતે પિતાજીની ચાલ, ચલગત અને  ચારિત્ર્ય વિષયક સવાલ કર્યો.

' લગભગ એવું જ.' બન્ટી, બબલી અને ગુડુએ માથું ઝૂકાવી કબૂલ કર્યું.

' હવે શું કરવું છે? જ્યારે કોઇ દીકરો કે પત્ની માથાભારે હોય ત્યારે માબાપ દીકરાને કે પતિ પત્નીને તેની મિલકતમાંથી બેદખલ કરે છે. 'અમિતે સામાન્ય શિરસ્તો જણાવ્યો.

' આ આઈડિયા બરાબર છે.' બન્ટી, બબલી અને ગુડુ  ખુશ થઈ ગયા. અમિતને બાપા કહ્યામાં નથી તેવી નોટીસ તૈયાર કરવા સૂચના આપી

અમિતે  કાનૂની નોટીસ તૈયાર કરી. લો નમૂનો તમે પણ સાચવીને રાખજો. ભવિષ્યમાં જરૂર પડે તો બાપબાણ ઈલાજ થઈ શકશે.

કાનૂની નોટીસ

'અમે નીચે સહી કરનાર અમારા અસીલની ફરમાઇશ( આ કંઇ બિનાકા ગીત માલા છે કે શ્રોતા ગીતની ફરમાઇશ કરે તેમ ફરમાઇશથી નોટીસ કાઢવાની?)થી નોટીસ કાઢવામાં આવે છે કે શ્રી એકસવાયઘેડ અમારા એકમાત્ર પરમ પૂજય પરમાદરણીય રાજમાન રાજેશ્રી પિતાશ્રી કે તાત છે. જે બહેકી ગયા છે અને અમારા સહેજે કહ્યામાં નથી. ( આમ તો અમો તેના કહ્યામાં નથી. જો કે, એ વાત અલગ છે.)આથી તેમને સંતાનોપાર્જિત મિલકતમાંથી બેદખલ કરવામાં આવે છે. એમની સાથે કોઇ નાણાકીય કે લાગણીશીલ વ્યવહાર કરવો નહીં નહીંતર અમારી કોઇ જવાબદારી નથી.જેની જાહેર જનતાએ નોંધ લેવી.'

લિખિતંગ

બન્ટી, બબલી અને ગુડુ (નઠારા સંતાનો)
એડવોકેટ અમિત અડબંગ મારફત

ભરત વૈષ્ણવ

# રાજ્યભરના ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાન સામે ૧૦ હજાર કરોડ ના રાહત પેકેજ ની થઈ જાહેરાત




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરના કમોસમી વરસાદ અને વાતાવરણના બદલાવને કારણે સર્જાયેલ અસાધારણ સ્થિતિમાં ખેતી પાકોને થયેલા નુકસાનમાંથી ખેડૂતોને ઝડપભેર બેઠા કરવા માટે અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડ રૂપિયાનું ઐતિહાસિક સહાય પેકેજ જાહેર કર્યું છે.

રાજ્ય સરકારે ધરતીપુત્રો પર આવી પડતી કુદરતી આફતોની હરેક વિપદામાં તેમની પડખે સંપૂર્ણ સહાનુભૂતિ સાથે ઉભા રહીને ખેતી પાકોના નુકસાન સામે ઉદારતમ સહાય પેકેજ વખતો વખત આપેલા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોના હિતો માટે જે અનેકવિધ કલ્યાણકારી પગલાઓ લીધા છે તેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર ટેલ કિસાન હિતકારી અભિગમથી સતત આગળ ધપાવી રહ્યા છે.આ વર્ષે તાજેતરમાં થયેલા કમોસમી વ્યાપક વરસાદથી ખેડૂતોના ઉભા પાકને કાપણી સમયે જ મહત્તમ આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતોને આ નુકસાનમાંથી બનતી ત્વરાએ બેઠા કરવાનો સંવેદનશીલ અભિગમ ઉદારતમ સહાયથી અપનાવ્યો છે.

રાજ્યમાં અત્યાર સુધી અપાયેલા રાહત સહાય પેકેજના ઈતિહાસમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પિયત અને બિનપિયત પાકોને એકસમાન પાક નુકસાન વળતર આપવાનો મહત્વપૂર્ણ સંવેદનશીલ નિર્ણય કર્યો છે.રાજ્યના ખેડૂતોને તાજેતરના કામોસમી વરસાદથી થયેલા પાક નુકસાન સામે આ નિર્ણયના અનુસંધાને ૨૨ હજાર રૂપિયા પ્રતિ હેક્ટર, હેક્ટર દીઠ બે હેક્ટરની મર્યાદામાં સહાય રાજ્ય સરકાર આપશે.ખેતી પાકોને જે વ્યાપક નુકસાનનો માર સહન કરવાનો વારો આવ્યો છે તેમાંથી ખેડૂતોને ઝડપભેર ઉગારવા આ રાહત સહાય પેકેજ અંતર્ગત આશરે કુલ રૂ. ૧૦ હજાર કરોડની સહાય રકમ રાજ્ય સરકાર ચૂકવશે.મુખ્યમંત્રીશ્રી આ કુદરતી આપદામાં સતત ખેડૂતોની ચિંતા કરીને તેમની પડખે ઊભા રહ્યા છે. એટલું જ નહિ, તેમણે કમોસમી વરસાદની તારાજીનો ભોગ બનેલા ૨૫૧ તાલુકાના ૧૬,૫૦૦થી વધુ ગામોના ખેડૂતોને થયેલા નુકસાનનો સર્વે ૩ દિવસમાં પૂર્ણ કરવા માટે ૫ હજારથી વધુ ટીમોને દિવસ રાત કાર્યરત કરવાના દિશાનિર્દેશો ઉચ્ચસ્તરીય બેઠકમાં આપેલા હતા. આ દિશાનિર્દેશોને પગલે કૃષિ વિભાગ અને સંબંધિત વિભાગો તથા જિલ્લા વહીવટી તંત્રોએ સતત ખડેપગે ૨૪૭૭ કામ કરીને પાક નુકસાનીનો સર્વે/પંચ રોજકામ હાથ ધર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓને વરસાદી અસરગ્રસ્ત વિસ્તારોની જાત માહિતી મેળવવા સંબંધિત જિલ્લાઓની મુલાકાત માટે પણ સૂચનાઓ આપી હતી. આ સૂચનાઓના પગલે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સુરત જિલ્લામાં, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી ભાવનગરમાં, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ તાપીમાં, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા જૂનાગઢ અને ગીર સોમનાથમાં તેમજ રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ અમરેલી જિલ્લાની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને સ્થળ પરના નુકસાન અહેવાલની વિગતો મુખ્યમંત્રીશ્રીને પૂરી પાડી હતી.

મુખ્યમંત્રીશ્રી પોતે પણ ગીર-સોમનાથ અને જુનાગઢ જિલ્લાના અસરગ્રસ્ત ગામોમાં પહોંચ્યા હતા અને ધરતીપુત્રોની વીતક પૂરી સંવેદનશીલતા સાથે સાંભળીને તેમને હૂંફ-સધિયારો આપ્યા હતા.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્ર વિગતોની વિસ્તૃત સમીક્ષા અને ચર્ચા-વિચારણા રાજ્યના મંત્રીશ્રીઓ સર્વશ્રી જીતુભાઈ વાઘાણી, ઋષિકેશભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળીયા, અર્જુનભાઈ મોઢવાડિયા તથા રમણભાઈ સોલંકી સાથે બેઠક યોજીને કરી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ વિડીયો કોન્ફરન્સથી આ બેઠકમાં જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં રાજ્ય સરકારે વ્યાપક નુકસાનનો ભોગ બનેલા ધરતીપુત્રોની વ્હારે આવીને રાજ્યના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડનું માતબર સહાય પેકેજ આપવાનો આ નિર્ણય કર્યો છે.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસ, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા, નાણાં વિભાગના અગ્ર સચિવ શ્રી ટી. નટરાજન, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતિ અવંતિકા સિંઘ, નાણા સચિવ શ્રીમતી આરતી કંવર, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી ડૉ. વિક્રાંત પાંડે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે જાહેર કરેલું આ ઉદારતમ સહાય પેકેજ અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક નુકસાનમાંથી ઝડપભેર બેઠા થઈને પૂર્વવત થવામાં મદદરૂપ નીવડશે.




ગુજરાત સાહિત્ય ના ઘરેણા સમાન વિશ્વવિખ્યાત બનેલા પદ્મ શ્રી જોરાવરસિંહ જાદવ ૮૫ વર્ષ ની વયે સાહિત્ય જગતમાંથી વિદાય લીધી છે.ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક તેમજ જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક અને ર્હ્યસાહિત્ય સરિતા ગ્રુપ સભ્યો, એડમિન વતી હું સંચાલક/તંત્રી પ્રદીપ રાવલ પૂર્ણ ર્હૃદયભાવથી શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું...

## અરવલ્લીમાં બી એલ ઓ દ્વારા ઘરે ઘરે ફોર્મ વિતરણ કામગીરી ઝડપથી ચાલુ નાગરિકોને સહયોગની અપીલ

અરવલ્લી જિલ્લાના એસી ૩૧ મોડાસા અને ૩૨ બાયડમાં એસઆઈઆર અંતર્ગત મતદાન નોંધણી માટે ફોર્મનું વિતરણ શરૂ કરવામાં આવ્યું

અરવલ્લી જિલ્લામાં ખાસ સદન સુધારણા એસઆઈઆર અંતર્ગત હાઉસ ટુ હાઉસ મતદાર યાદી સુધારણા કામગીરી ૪ નવેમ્બર ૨૦૨૫ થી સફળતાપૂર્વક ચાલુ છે તારીખ ૪ ૧૧ ૨૦૨૫ થી ચાર બાર ૨૦૨૫ દરમિયાન બુટ લેવલ ઓફિસર ઓ ઘરે ઘરે રહે છે મતદારોની આ ફોર્મ વિગતો ભરીને જમા કરવાનું રહેશે પરત મેળવવા ફોર્મ ની મુસદ્દા મતદાર યાદી તારીખ ૯ ૧૨ ૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ થશે જ્યારે પરત ન મળે ફોર્મની અલગ યાદી લગાવવામાં આવશે ચકાસણી ચુનાવણી તથા આધાર પુરાવા પછી આખરી મતદાર યાદી તારીખ ૭ ૧ ૨૦૨૬ ના રોજ પ્રસિદ્ધ કરાશે જિલ્લા નાગરિકોને આ કામગીરીમાં સંપૂર્ણ સહયોગ આપવા તથા ખોટી માહિતીથી દૂર રહેવા જિલ્લા વહીવટી તંત્ર વતી અપીલ કરવામાં આવે છે

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે કેબિનેટ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની રાજભવન ખાતે શુભેચ્છા મુલાકાત



ગાંધીનગર રાજભવન ખાતે માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના કેબિનેટ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. રાજ્યાપાલશ્રીએ મંત્રીશ્રીનું સ્વાગત તેમજ સાલ ઓઢાડી સમ્માન કર્યુ હતું. રાજ્યપાલશ્રીએ આ મુલાકાત દરમ્યાન જણાવ્યું કે, માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણના કાર્યક્રમો થઈ રહ્યા છે. આવા અભિયાનોથી પ્રકૃતિનું જતન અને સંવર્ધન થઈ રહ્યુ છે જે આવનારી પેઢી માટે અંત્યત જરૂરી છે. મંત્રીશ્રીએ વન અને પર્યાવરણ વિભાગ હેઠળની વિવિધ યોજનાઓ તેમજ આગામી સમયમાં ગુજરાતનું ગ્રીન કવર વધુને વધુ વિસ્તરે તેવા આયોજનો અને નવા અભિગમો વિશે માહિતી આપી હતી. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ દ્વારા થતા ફાયદાઓ ગણાવી જમીન, જળ અને પર્યાવરણના સંરક્ષણના પ્રયાસોને વધુને વધુ પ્રોત્સાહન આપવા પર ભાર મુક્યો હતો.

## અરવલ્લી જિલ્લામાં ગીત વંદે માતરમના ૧૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે સામૂહિક ગાન તથા સ્વદેશી ના શપથ ગ્રહણ કરાયા



**આપણા રાષ્ટ્રગીત વંદે માતરમ લખાય અને ૧૫૦ વર્ષ પૂર્ણ થતા સરકારના રમત ગમત એવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યમાં લોકોમાં રાષ્ટ્રગીત અને દેશ માટે સર્વની ભાવના જાગે તથા ધન માનસમાં તેની પ્રસિદ્ધિ થાય તેવા હેતુથી રહે કે ગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ વંદે માતરમ ૧૫૦ વિવિધ યોજનાઓ કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે આજે જિલ્લામાં જિલ્લા સેવા સદન નગરપાલિકાઓ તાલુકા પંચાયતો સહિત વિવિધ યોજનાઓ કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે આજે સદા નગરપાલિકા તાલુકા પંચાયતો સહિત વિવિધ સરકારી કચેરીઓ શાળાઓ કોલેજો અને સરકારી સંગઠનો દ્વારા રાષ્ટ્રગીત વંદે માતરમ ના મૂળ સ્વરૂપનું સમૂહ દાન કરવામાં આયોજન કરવામાં આવ્યું હતું**

**આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર અધિકારી શ્રી જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિપેશ કડિયા જિલ્લા પોલીસ વડા મનહરસિંહ જાડેજા નિવાસી અધિક કલેકટર શ્રી દેવી મકવાણા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી રાજેશ ગુજારા જિલ્લા પંચાયતના પદાધિકારીઓ સહિત સર્વે અધિકારીઓ તથા કર્મચારીઓ જોડાયા હતા**

## કબડ્ડીની અંડર-૧૪ અને ૧૭ હરીફાઈમાં ધ નેશનલ સ્કૂલના વિધાર્થીઓ ચેમ્પિયન બન્યા




શિક્ષણ ક્ષેત્રની સાથે સાથે ધ નેશનલ સ્કૂલ હવે ખેલકૂદમાં પણ તાલુકા કક્ષાએ પોતાનો દબદબો સ્થાપિત કર્યો છે. ધ નેશનલ સ્કૂલના વિધાર્થીઓએ તાજેતરમાં યોજાયેલ ખેલ મહાકુંભ-૨૦૨૫ની તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં જોરદાર પ્રદર્શન કર્યું હતું. ખાસ કરીને અંડર-૧૪ અને અંડર-૧૭ ના વિધાર્થીઓ કબડ્ડી સ્પર્ધામાં ચેમ્પિયન બન્યા તાલુકા કક્ષાએ ચેમ્પિયન બનવા બદલ એમ.ડી. નરપતસિંહ વાઘેલા અને કોચે તમામ ખેલાડીઓને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવી અને હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. કબડ્ડી સ્પર્ધામાં વિજેતા થઈ શાળા તેમજ તાલુકાનું ગૌરવ વધાર્યું છે.

## ગોવાની નાળિયેર કાછલી હસ્તકલા બની ભારત પર્વમાં આકર્ષણનું કેન્દ્ર

ભારત પર્વ, એ ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિ, કલા, હસ્તકલા અને ઉજાગર કરતો એક મનોરમ અને જીવંત ઉત્સવ ઐતિહાસિક ઉજવણી થઈ રહી છે. લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના અવસરે સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે સૌ પ્રથમવાર ઉજવાઈ રહેલ ભારત પર્વમાં દરેક પ્રાંત પોતાની વિશિષ્ટ પરંપરા, સ્વાદ, સંગીત અને સર્જનાત્મકતાનો પરિચય આપે છે. ત્યારે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સૂત્રને સાર્થક કરતા ભારત પર્વમાં ગોવાના હસ્તકલાકારે નાળિયેર કાછલીની હસ્તકલાએ સૌનું ધ્યાન કેન્દ્રિત કરી દરિયાઈ વિસ્તારની ઓળખ બની છે. ભારત પર્વમાં સહભાગી બનતા હસ્તકલાકાર વિજયદત્તા લોટલીકરે જણાવ્યું, એકતાનગર ખાતે ભારત પર્વમાં ભાગ લેવાનો અવસર મળ્યો છે. અહીં ગુજરાતના લોકો અને પર્યટકોનો પ્રતિસાદ અદભૂત રહ્યો. સૌએ અમારા ઉત્પાદનો પ્રત્યે ભારે રસ દાખવ્યો અને ઘણી ખરીદારી પણ કરી છે. તેઓએ વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા 'વોકલ ફોર લોકલ' અભિયાન થકી સ્વદેશી ઉત્પાદનોને નવું માર્કેટ મળ્યું છે. આ ભારત પર્વથી અમને વૈશ્વિક ઓળખ પણ મળી છે. આવનારા સમયમાં અહીંથી અમારો વ્યવસાય વધુ વિસ્તરશે એવી આશા છે. ભારત પર્વ એ સાચે જ વિવિધતામાં એકતાનું પ્રતિબિંબ છે. જ્યાં દરેક કલા, દરેક બોલી અને પરંપરા સાથે મળી ભારતની એકતા અને સર્જનાત્મકતાની અનોખી ઝલક આપે છે. ભારત પર્વ એ અમારા માટે હસ્તકલાની પરંપરા સાથે રોજગારી અને ગૌરવનું માધ્યમ બની છે. અમારા માટે એક જ મંચ પર ભારતની દરેક કળા જોવી એ પોતે જ એક ઉત્સવ છે એમ તેમણે જણાવ્યું હતું. વધુમાંશ્રી લોટલીકરે કહ્યું કે, સમુદ્ર અને નાળિયેરની હેન્ડીક્રાફ્ટ મારી ઓળખ બની છે. જ્યાં માટી અને લાકડામાંથી જે કલા રચાય છે, ત્યાં અમે નાળિયેરની કાછલીથી બનેલા આ હસ્તકલા ઉત્પાદનોમાં દીવા, દાગીના, વાસણો, લાઈટ શેડ્સ, જ્વેલરી, ડેકોરેટિવ આર્ટના આર્ટિકલો બનાવીએ છીએ. દરેક કૃતિમાં કારીગરોની સર્જનાત્મકતા અને પર્યાવરણ પ્રત્યેની સંવેદના ઝળકતી જોવા મળે છે.

## અંગદાનની ઝૂંબેશમાં પાટણના ધારપુરનું પ્રથમ પ્રેરણાદાયી પગથિયું

# ધારપુરના શ્રી દિપકભાઈ ભવાનભાઈ પરમારને બ્રેઇન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા

ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાક વર્ષોથી અંગદાન અંગે જનજાગૃતિ અને પ્રેરણાદાયી ઝૂંબેશ ચાલી રહી છે. તે અંતર્ગત આજ રોજ, તા. ૬ નવેમ્બર ૨૦૨૫ના રોજ, પાટણની જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલ, ધારપુર તરફથી સૌપ્રથમ અંગદાન થવાથી માનવતાની એક અનોખી અને ભાવનાત્મક ઘટના સર્જાઈ છે.ધારપુરના શ્રી દિપકભાઈ ભવાનભાઈ પરમાર (ઉંમર ૫૫ વર્ષ) ને તારીખ ૬ નવેમ્બર ના રોજ બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા. આવા દુઃખદ સમયમાં પણ તેમના પરિવારજનો દ્વારા માનવતાના ઉત્તમ આદર્શરૂપે જરૂરીયાતમંદોને નવું જીવન આપી શકે તે માટે અંગદાન કરવાનો ઉમદા નિર્ણય લેવામાં આવ્યો હતો.શ્રી દિપકભાઈ પરમાર દ્વારા લીવર અને કોર્નિયાનું દાન કરવામાં આવ્યું હતું, જેના પરિણામે ત્રણ લોકોને નવજીવન મળ્યું છે. આ પ્રક્રિયા દરમિયાન ધારપુર હોસ્પિટલના મેડિસીન વિભાગ, એનેસ્થેશિયા વિભાગ, સર્જરી વિભાગ, નર્સિંગ સ્ટાફ, આર.એમ.ઓ., મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ મેડમ તથા ડીન સાહેબના સંકલિત અને સમર્પિત પ્રયત્નોથી આ માનવતાભર્યું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.હોસ્પિટલ દ્વારા તાત્કાલિક ગ્રીન કોરિડોર તૈયાર કરવામાં આવ્યો હતો અને દાનમાં મળેલ લીવર ધારપુરથી અમદાવાદ સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ (ૈંદ્ભઙ્ઘ) સુધી સુયોગ્ય રીતે પહોંચાડવામાં આવ્યું હતું.

શ્રી દિપકભાઈ પરમારના આ પરોપકારી અને પ્રેરણાદાયી નિર્ણયથી સમાજમાં માનવતા અને સહાનુભૂતિની નવી લહેર પ્રસરી છે. તેમના પરિવારજનોનો આ ઉમદા નિર્ણય અન્ય અનેક પરિવારોને પણ અંગદાન માટે પ્રોત્સાહિત કરશે.મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ શ્રી પારુલ શર્માએ જણાવ્યું કે "આજનો દિવસ ધારપુર હોસ્પિટલ માટે ગૌરવનો દિવસ છે. ધારપુર હોસ્પિટલમાં સૌ પ્રથમ અંગદાન સફળતાપૂર્વક થયું છે. ધારપુરના ૫૫ વર્ષીય દીપકભાઈ પરમારના અંગદાનથી માનવતા અને કરુણાનું અનોખું ઉદાહરણ સમક્ષ આવ્યું છે. એમના પરિવારજનોનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. તેમજ ગુજરાત સરકાર, આરોગ્ય મંત્રીશ્રી, પ્રમુખ સચિવશ્રી, સી.ઈ.ઓ.શ્રી અને આઈ.કે.ડી.ના સહયોગ માટે હૃદયપૂર્વક આભાર.



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.